લાયોનેસ કલબ દ્વારા પ્રેરણા વિદ્યાલય ખાતે આઈ-ચેક અપ કેમ્પનું આયોજન




# શહેરમાં ઉઘાડ નીકળતા ગરમીમાં વધારો

## મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રીએ પહોંચ્યું : વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ આજે ઉઘાડ નીકળ્યો હતો. આકરો તડકો પડતા જોરદાર ગરમી પડવા માંડી હતી. મહત્તમ તાપમાન ૩૨ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ-ચાર દિવસોથી વરસાદી માહોલ રહ્યો હતો. ત્રણ દિવસ સુધી તો દિવસ દરમિયાન એકાદ-બે ઝાપટા પડી જતા હતા. વરસાદી માહોલના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ખેડૂતોને વરસાદને કારણે રાહત થઈ હતી. જો કે આજે ઉઘાડ નીકળતા ખુબ ગરમી અનુભવાઈ હતી. આકાશ એકદમ ચોખ્ખું થઈ જતાં આકરો તડકો પડવા માંડયો હતો. તડકો ખુબ જ આકરો થતાં અસહ્ય ગરમી અનુભવાઈ હતી. ભાદરવાનો અસહ્ય તાપ આજે વસાહતીઓએ અનુભવ્યો હતો. તડકાથી બચવા માટે વાહનચાલકોએ મોંઢા પર રૂમાલ કે દુપટ્ટો પહેરવા પડયા હતા. આકરા ઉનાળા દરમિયાન વાહનચાલકો જે રીતે હાથમોજા અને દુપટ્ટા પહેરીને નીકળે છે તે રીતે વાહનચાલકોએ આકરી ગરમીથી બચવાના ઉપાયો કર્યા હતા. બે ત્રણ દિવસ પહેલા ૨૫ થી ૨૭ ડિગ્રી વચ્ચે નોંધાયેલું મહત્તમ તાપમાન આજે એકાએક વધીને ૩૨ ડિ.સે. પહોંચી ગયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધુ હોવાથી બફારો ખુબ થતો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૨૪.૮ ડિ.સે. જેટલું નોંધાતા રાત્રે પણ ખુબ ગરમી અનુભવાઈ હતી.



## @ગાંધીનગર

● સે-૧૭ ટાઉનહોલ ખાતે ખેતી બેંક દ્વારા ખેતી વિષયક વિવિધ કાર્યક્રમો સવારે ૮-૦૦ કલાકેથી યોજાશે.

● પેથાપુરના નિલકંઠ વિલા ફલેટ ખાતે ગણેશ મહોત્સવ ૨૦૧૫માં સવારે ૮-૦૦ કલાકે મહા અન્નકૂટ યોજાશે. સાંજે ૭.૩૦ કલાકે આરતી કરાશે.

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે ગણેશ મહોત્સવમાં રાત્રે ૮.૩૦ કલાકે બાળકો માટે રમતોત્સવ વીથ ડીજે ડાન્સ યોજાશે.

● કુડાસણમાં પ્રતિક મોલ પાછળ ઉર્જાનગર-૨માં ભાગવત કથાના વિરામ નિમિત્તે રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાતના ખ્યાતનામ ટીવી કલાકારો દ્વારા સંતવાણી કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે અશ્વિન જોષીના મા-બાપને ભૂલશો નહી કાર્યક્રમમાં એક દંપતિ તેમની દિકરીને ભૂલી ગયા હતા. અશ્વિન જોષીએ કોઈ પોતાની દિકરી મને દાન કરી ગયું છે તેવી હળવી ટકોર સાથે જાહેરાત કરતા છોકરીના મા-બાપ આવીને તેને લઈ ગયા હતા.

● નગરમાં ગણેશોત્સવનું સમાપન થઈ રહ્યુંછે. કોર્પોરેશન દ્વારા વિસર્જન માટે બનાવાયેલા કુંડ એટલા છીછરા છે કે તેમાં મૂર્તિ પૂરી ડૂબતી જ નથી. શ્રધ્ધાળુઓને આ કારણે વિસર્જન કર્યાનો પૂરતો સંતોષ પ્રાપ્ત થતો ન હોઈ અન્ય સ્થળે વિસર્જન કરવાનું મુનાસીબ માને છે.

● સે-૩-ડી ખાતે યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવની રંગેચંગે પુર્ણાહુતિ થતા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ભોજન સમારંભમાં આયોજકો-સ્વયંસેવકો તથા આસપાસના રહીશો પરિવાર સહિત જોડાયા હતાં.

● શહેરમાં રાત્રિના સમયે કેટલાક તોફાની યુવાનો દ્વારા સ્કૂટર બાઈક પર આવી અન્ય ટુ વ્હીલર ચાલકોને ટપલી કે પાણીની અડધી ભરેલી બોટલ વગેરે મારી ભાગી જવાના કિસ્સા બની રહ્યાં છે. વાહનચાલકોએ તોફાની બારકસોની મસ્તીમાં પોતાને અકસ્માત ના થઈ જાય તેનું ધ્યાન રાખવું.

● નગરજનોને સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે થોડાક દિવસોમાં અશ્વિન જોષીનો સુવિખ્યાત 'દિકરી વ્હાલનો દરિયો' કાર્યક્રમ માણવા મળશે. આ કાર્યક્રમ કરવા અંગે અશ્વિન જોષીએ જાતે જ જાહેરમાં વચન આપ્યું હતું.

● અક્ષરધામ ખાતે થયેલા આતંકવાદી હુમલાને તેર વર્ષ પૂર્ણ થયા છે. પાટનગરના માનસ પર પડેલા આ કારમા ઘા યાદ કરતા મન વિહવળ થઈ ઉઠે છે. આ ઘટનામાં જાન ગુમાવનારા તમામના આત્માને ઈશ્વર સદ્‌ગતિ અર્પે તેવી અભ્યર્થના.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫



જયોતિ મહિલા મંડળ દ્વારા સે-૨૩માં સી.એમ. પટેલ હાઈસ્કૂલમાં 'દાદા દાદીની જીવનમાં ચાવીરૂપ ભૂમિકા' વિષયે હૃદયસ્પર્શી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તેમના દાદા દાદીને સાથે લઈને આવ્યા હતા અને તેમના જીવનના યાદગાર પ્રસંગો-પ્રિતભાવો વ્યકત કર્યા હતા. ભારતીય સંયુકત કુટુંબ જીવનશૈલીમાં વડીલોનું ખુબ મહત્વનું સ્થાન રહ્યું છે. પરંતુ હવે આ પ્રથા તુટતી જઈ રહી છે તેને બચાવવાના પ્રયત્નોના ભાગરૂપે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## રાજયકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં એસ.જી. પ્રાથમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ભાવનગર ખાતે યોજાયેલ રાજય કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં તૃતિય ક્રમ મેળવી વિજેતા બની ગાંધીનગર અને શાળાનું ગૌરવ વધાર્યું છે.

ભાવનગર ખાતે તાજેતરમાં યોજાયેલ રાજયકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં રાજયભરમાંથી ૪૧ ટીમોએ ભાગ લીધો હતો. શાળાના વિજેતા ખેલાડી પ્રિયાંશુ સિંગ, સતિષ ચૌધરી, શ્રેય ભટ્ટ, સાહિલ શેખ, જેજસ ચૌધરી, સુધાંશુ યાદવ, ચેતન ચૌધરી, જય પટેલ અને વિવેક યાદવને શાળાના આચાર્ય એ અભિનંદન પાઠવ્યા હતા. જયારે શાળાના વિદ્યાર્થી પ્રિયાંશુ સિંગની સુંદર રમત જોઈને તેની પસંદગી નેશનલ લેવલે કરવામાં આવી છે.

## લાયોનેસ કલબ દ્વારા પ્રેરણા વિદ્યાલય ખાતે આઈ-ચેક અપ કેમ્પનું આયોજન



ગાંધીનગર, તા.૨૪

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા લાયોનેસ પ્રમુખ વૈશાલી જોષીના નેતૃત્વ હેઠળ પ્રેરણા વિદ્યાલય સે-૫ ખાતે આઈ ચેક અપ કેમ્પનું આયોજન કરેલ. જેમાં ૪૮૦ વિદ્યાર્થીઓની આંખોની તપાસ ડૉ. ચતુરભાઈ અને ડૉ. ઉર્વીશભાઈ દ્વારા કરવામાં આવેલ. જેમાં ૬૭ વિદ્યાર્થીઓને આંખોના નંબર જણાતા તેનું નિદાન કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રોજેકટ ચેરમેન પીપી રીટાબા સોલંકી, સેક્રેટરી દક્ષા જાદવ તથા કલબના અન્ય સભ્યો હાજર રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય શ્રી મનીષભાઈ ખત્રી તથા શિક્ષક ગણનો સહયોગ પ્રાપ્ત થયેલ હતો.

## ગોકુળપુરા પાસે છાપરામાંથી દારૂની બોટલો પકડાઈ

### વેચવા માટે લેવાયેલી પાંચ બોટલ સાથે એક શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સે-૧૪ ગોકુળપુરા પાસે છાપરામાં એક શખ્સે દારૂ વેચવાનું શરૂ કર્યું હોવાની બાતમીને આધારે સેકટર-૭ પોલીસની ટીમે દરોડો પાડી છાપરામાંથી દારૂ પકડી લીધો છે. પાંચ બોટલ સાથે એક શખ્સની પોલીસે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસમથકના પીએસઆઈ મેહુલ ચૌહાણને બાતમી મળી હતી કે ગોકુળપુરા સે-૧૪ રેલવે સ્ટેશન પાસે છાપરામાં દારૂ વેચાઈ રહ્યો છે જેને આધારે પીએસઆઈ તેમની ટીમના ધિરેન્દ્રસિંહ સહિતના માણસો સાથે બાતમી વાળા સ્થળે પહોંચી ગયા હતા અને છાપરામાં તપાસ કરતા પાંચ વિદેશી દારૂની બોટલો ભરેલો એક થેલો મળી આવ્યો હતો. રૂ. ૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે પ્રકાશ ગોવિંદ દંતાણી નામના શખ્સની ધરપકડ કરી લીધી છે અને રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

## આજે સે-૩-બી નવરાત્રી મહોત્સવ સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સેકટર-૩-બી નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. આગામી નવરાત્રી મહોત્સવ માટે બેઠક તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૯ કલાકે નવરાત્રી ચોક સે-૩-બી ખાતે યોજાશે. જેમાં દરેક વ્યકિતઓને હાજર રહેવા સમિતિ દ્વારા જણાવાયું છે.

## બલરામ ભવન ખાતે સ્વાસ્થ્ય ક્રાંતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ બલરામ ભવન ખાતે તાજેતરમાં સજીવ ખેતી કરતાં ખેડુતો અને તજજ્ઞોની બેઠક 'સ્વાસ્થ્ય ક્રાંતિ નેચરલ્સ'ના નેજા હેઠળ યોજાઈ હતી. આ પ્રસંગે સજીવ ખેતીમાં રસ ધરાવતા ખેડૂતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

બલરામ ભવન સે-૧૨ ખાતે યોજાયેલ બેઠકમાં પ્રજાની સુખાકારીની ચિંતા અને નિવારણ માટે દેશી ગાય આધારીત સજીવ ખેતીના ઉત્પાદનો અને તેના નિવારણોના આયોજન અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. બેઠકમાં સજીવ ખેતીના તજજ્ઞોમાં મધ્યપ્રદેશથી આવેલા ડૉ. માલપાની, જતન સંસ્થાના કપીલભાઈએ ખાસ ઉપસ્થિત રહી હાજર ખેડુતોને માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર રાજય સહિત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના સજીવ ખેતીમાં રસ ધરાવતા ખેડૂતો હાજર રહ્યા હતા. આ અંગે વધુ માહિતી માટે મો. ૯૯૨૫૯ ૬૧૩૫૫, ૯૯૨૫૨ ૩૪૭૭૯, ૯૯૨૫૦૪૪૪૮૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગણેશોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સાર્વજનિક ગણેશોત્સવ અંતર્ગત બહેનો માટે સતત ત્રણ દિવસ સુધી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૮-૯-૨૦૧૫ના રોજ આરતી સુશોભન, રંગોળી, મહેંદી હરિફાઈ અને ગણપતિના ભજન તથા સ્તોત્રગાનની હરિફાઈ તા. ૧૯-૯-૧૫ના દિવસે આનંદનો ગરબો તા. ૨૦-૯-૧૫ના દિવસે બહેનો તથા બાળકો માટે સંગીત ખુરશી, કવીઝ તથા લીંબુ ચમચી જેવી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધી સ્પર્ધાઓમાં બહેનો તથા બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ કાર્યક્રમને ખૂબ માણ્યો હતો. તેમાં વિજેતાઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળના સત્સંગ ભવન ખાતે આગામી તા. ૨૭ સપ્ટેમ્બર રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ સુધી રકતદાન કેમ્પ યોજાશે. જેમાં નગરજનોને સેવા પ્રવૃત્તિમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર જીમખાના દ્વારા ઈનામ વિતરણ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જીમખાના સેકટર-૧૯ દ્વારા નવેબર-૨૦૧૪માં જુદી જુદી રમતો જેવી કે બેડમિન્ટન, ટેબલ ટેનીસ, ટેનીસ, ચેસ તથા સ્વીમીંગની હરિફાઈ રાખેલ હતી. જેનાં ઈનામ વિતરણ તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ જીમખાનામાં રાખવામાં આવેલ. જેમાં વિજેતા બનેલ ખેલાડીઓને ઈનામ વિતરણ જીમખાના કમિટીના સભ્યો તથા આર.કે. નાયડુ ડાયરેકટર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા તથા પારૂલબેન પરમાર અર્જુન એવોર્ડ વિજેતાના હસ્તે કરવામાં આવેલ હતું. જીમખાનાના ચેરમેનશ્રી જી. સુબ્બારાવના હસ્તે જીમખાનાના ખજાનચી શ્રી નરેન્દ્રભાઈ શાહ ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંકના વાઈસ ચેરમેન બનતાં તેમનું સન્માન કરવામાં આવેલ.

## શહેરના યુવાનોને શિખામણ આપતા ચેતજો...!

ગાંધીનગર, તા.૨૪

શિક્ષિત નગરી ગાંધીનગરમાં અજીબો ગરીબ કિસ્સો બનવા પામ્યો છે. જેમાં ધરમ કરતા ધાડ પડી જેવો ઘાટ ઘડાયો છે. ગાંધીનગરના સેકટર-૨૪ ચાર રસ્તા પાસે રોંગ સાઈડે ટુ વ્હીલર ફુલ સ્પીડે ચલાવીને આવતી એક યુવતિને એક આધેડ વ્યકિતએ શીખામણ આપતા યુવતિ લાલઘુમ થઈ ગઈ હતી થોડાક સમય માટે બંને વચ્ચે ચકમક ઝરી હતી. ત્યારે યુવતિએ પોતાના મોબાઈલના બટન દબાવીને ત્રણ ચાર ફોન જોડતા ગણતરીની મિનીટોમાં કેટલાક યુવાનો ધસી આવ્યા હતા. જેમણે યુવતિની ફરિયાદ સાંભળીને ઉશ્કેરાઈને આધેડ વ્યકિત પર રીતસરના તુટી પડયા હતા અને શીખામણ આપનાર વ્યકિતને ઈજાઓ પહોંચાડી પળવારમાં રફુચક્કર થઈ ગયા હતા. શીખામણ આપનાર આધેડને સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. ગાંધીનગર શહેરમાં આવી ઘટના ઘટવી એ ચોંકાવનારી બાબત છે. પોતાની દિકરી સમાન યુવતિને સામાન્ય શિખામણ આપતા આજની હાઈટેક જમાનાની સ્વછંદી યુવતિએ શીખામણ આપનાર વ્યકિતને મેથીપાક અપાવ્યો હતો. શહેર એક શિક્ષિત નગરી કહેવાય છે. ત્યારે ધરમ કરતા ધાડ પડી જેવો કિસ્સો બનતા નગરજનોને શીખામણ આપતા ચેતજો તેવું શીખવી જાય છે.

## ૧૬ પી.આઈ. અને ૧૮ પીએસઆઈની બદલી : ગાંધીનગરમાંથી પી.આઈ. એસ.એમ. ગઢવીને પાટણ અને એ.એ. સૈયદને વડોદરા સીટી મુકયા

ગાંધીનગર, તા.૨૪

રાજય પોલીસ વડાએ ૧૬ પી.આઈ. ને ૧૮ પીએસઆઈની બદલીઓના ઓર્ડર જારી કર્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી પણ બે પી.આઈ.ને બદલવામાં આવ્યા છે જયારે એક પીએસઆઈને ગાંધીનગરમાં મુકવામાં આવ્યા છે. પી.આઈ. એસ.એસ. ગઢવીને પાટણ અને એ.એ. સૌયદને વડોદરા સીટીમાં મુકવામાં આવ્યા છે. જયારે સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરોમાંથી વી.આર. ચૌધરીને ગાંધીનગર જિલ્લામાં નિમણુંકના ઓર્ડર કરાયા છે.

## પોલીસ આવાસ નિગમની સિકયુરીટી કેબીનમાં દરોડો

### કેબીનમાં જુગાર રમી રહેલા બે સિકયુરીટી ગાર્ડ સહીત ત્રણ શખ્સો પકડાયા : રૂ. ૧૭,૭૩૦નો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૧૦ ખાતે સ્થિત ગુજરાત પોલીસ આવાસ નિગમની સિકયુરીટી કેબીનમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેકટર-૭ પોલીસની ટીમે દરોડો પાડીને બે સિકયુરીટી ગાર્ડ સહિત ત્રણ શખ્સોને પકડી પાડયા હતા. રૂ. ૧૭,૭૩૦ના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરીને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ એમ.પી.ચૌહાણ તથા તેમની ટીમના કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહ, પુષ્પેન્દ્રસિંહ સહિતના માણસોએ ગઈ મોડી સાંજે બાતમીને આધારે સે-૧૦ ખાતે સ્થિત પોલીસ આવાસ નિગમમાં દરોડ પાડયો હતો. સે-૧૦-એમાં આવેલી ગુજરાત પોલીસ આવાસ નિગમની સિકયુરીટી કેબીનમાંથી બે સિકયુરીટી ગાર્ડ ધર્મેન્દ્ર દેવુસિંહ ચાવડા અને કમલેશ ચુતરભાઈ પરમાર ઉપરાંત એક રિક્ષાચાલક ચંદન પૃથ્વીસિંહ ચાવડા મળી ત્રણને પકડી લેવાયા હતાં. જીઆઈએસએફના બે સિકયુરીટી ગાર્ડ તથા એક રિક્ષાચાલક મળી ત્રણ શખ્સોની રોકડ રૂ. ૧૬,૨૩૦ તથા ત્રણ મોબાઈલ મળીને રૂ. ૧૭,૭૩૦નો મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.



**શ્રદ્ધાની આડઅસર :** અંબાજી પગપાળા જતા યાત્રાળુઓ માટે આપણે ત્યાં સેવાકેન્દ્રોની કોઈ કમી નથી, પરંતુ એ સેવાની આડઅસરો પણ ઓછી નથી. કારણ કે આપણે ત્યાં સ્વચ્છતા અંગે જાગૃતિ નથી. પ્રસ્તુત તસવીર આ બાબતની ચાડી ખાય છે. શહેરના એક જાહેર સ્થાને યાત્રાળુઓને અપાયેલા પ્રસાદ, નાસ્તા-પાણી પછી પ્લાસ્ટીકનો કચરો આ રીતે ખુલ્લો નાખી દેવામાં આવ્યો હતો, જેમાંથી એક ગાય ખાવાનું શોધી રહી છે. આ કારણે પ્લાસ્ટીક ગાયના પેટમાં પણ જઈ રહ્યું હતું પણ કોને પડી છે ?

(તસવીર : દિપક જાની)

# ઉનાવા પ્રાથમિક શાળા ખાતે બાળ સંસદ યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામની પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં બાળ સંસદનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકશાહીના સિધ્ધાંતોને બાળમાનસમાં આરોપીત કરવા બાળ સંસદ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ ઉનાવા ગામની પ્રાથમિક શાળા ખાતે બાળ સંસદમાં વિદ્યાર્થીઓએ ઉમેદવારી ફોર્મ ભરવું, ફોર્મ પાછું ખેચવું, જાહેરનામું, પ્રચાર પ્રક્રિયા, આચાર સંહિતા, મતદાન, ચુંટણી પરિણામ અને વિજયોલ્લાસ સહિતની ચુંટણી અંતર્ગત કામગીરી સુંદર રીતે બાળકોએ નિભાવી હતી. નાનપણથી બાળકોને લોકશાહીના સિધ્ધાંતોની જાણકારી મળી રહે તે માટે બાળ સંસદનું આયોજન કરવામાં આવ્યું હતું.




વિદ્યાર્થીઓએ સ્થાનિક ચુંટણીમાં થતી પ્રક્રિયા મુજબ ઉમેદવારી ભરી જોરશોરથી પ્રચાર કરી મતદાતાઓને મતદાન કરવા માટે જણાવાયું હતું. જયારે ચુંટણી સમયે પોલીસ બંદોબસ્ત અને મતદાનમાં ફરજ બજાવતા સરકારી કર્મચારી પ્રીસાઈડીંગ ઓફીસર, ચુંટણી અધિકારી તરીકે સેવા બજાવી હતી જયારે મતદાતાએ લાઈનસર લાઈનમાં ઉભા રહીને મતદાન કર્યું હતું. મતગણતરી બાદ વિજેતા ઉમેદવારનું નામ જાહેર કરતા જ ઢોલ નગારા અને અબીલ ગુલાલની છોળો ઉડાડી હાર પહેરાવ્યો હતો. વિજેતા ઉમેદવારોને વિવિધ ખાતાની ફાળવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના આચાર્ય ભરતભાઈ પટેલ, શાળાના શિક્ષકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ચિરવિદાય

- સ્વ. મફતલાલ હાથીભાઈ ચૌધરી, ઉ.વ. ૬૮
- સ્વ. શાંતાબેન જવાનજી ચૌહાણ, ઉ.વ. ૬૮
- સ્વ. ગણેશભાઈ ભલાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૯